# સ્વાસ્થ્ય અને શિક્ષણપ્રદ સમાજ રચના

વાર્ષિક અહેવાલ
૨૦૦૩ – ૨૦૦૪

**હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ**
૯૫, જલારામ નગર(૨), હનુમાનપરા રોડ,
અમરેલી – ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૨૫૧૫૭ , ૨૨૩૫૨૫
ફેક્સ : (૦૨૭૯૨) ૨૩૦૮૯૦
**E-mail : hard_ad1@sancharnet.in**

## પ્રસ્તાવના

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ ૧૯૯૩ થી અમરેલી જીલ્લામા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કાર્ય કરી રહ્યુ છે. આ કાર્ય કરવા માટે સસ્થા પાસે કાર્યકર્તાઓની મજબૂત ટીમ છે.આ ટીમ દ્વારા લોક જાગૃતિ લોકોની આવક વૃધ્ધિના કાર્યક્રમો જાતિય સારવાર ઉપરાત બાળકોને પૂરત શિક્ષણ મળતુ રહે તે માટે પ્રયત્નો કરવામા આવ્યા છે.

આ ઉપરાત સસ્થા દ્વારા વ્યકિત સ્વતત્ર વ્યવસાયો શરૂ કરી શકે તે માટે વ્યવસાયિક તાલીમો કરવામા આવી છે.એઈડ્ઝ જાગૃતિ ના કાર્યક્રમો પણ ભૂતકાળમા સસ્થા દ્વારા કરવામા આવ્યા છે.

## સસ્થાની દ્રષ્ટિ (VISION)

અમરેલી જિલ્લામા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે જાગૃતિ લાવવી.

## સસ્થાનુ ધ્યેય (MISSION)

અમરેલી જિલ્લામા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે જાગૃતિ લાવવા પગલા લેવા.

## સસ્થાના હેતુ(OBJECTIVE)

૧.શૈક્ષણિક સકુલો શરૂ કરવા અને નિભાવવા.
૨.આથિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થિઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા મદદરૂપ થવુ.
૩.સાક્ષરતા લાવવા રાત્રિ શાળા, પ્રૌઢ શિક્ષણ અને તાલીમ કાર્યક્રમો ચલાવવા.
૪.ગ્રામ્ય વિસ્તારમા ફેલાતા રોગોને અટકાવવા પગલા લેવા.
૫.લોકોને પૂરતી આરોગ્ય સેવા મળી રહે તે માટે રોગ નિદાન કેમ્પ કરવા, દવાખાના ખોલવા.
૬.મૂળ અમરેલી જિલ્લાના વતનીઓને ગભીર બીમારીઓ સમયે આર્થિક સહાય કરવી.
૭.ગ્રામીણ મહિલાઓમા અધશ્રધ્ધાઓ દૂર કરવી તથા તેમના માટે સ્વરોજગાર માટેની પ્રવૃતિઓ શરૂ કરાવવી.

## કાર્ય વિસ્તાર

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી જિલ્લામા કામ કરી રહયુ છે. સસ્થા હાલ બે તાલુકાઓ લાઠી અને અમરેલીમા કાર્ય કરી રહય છે. ભવિષ્યમા જિલ્લાના અન્ય તાલુકામા તેની કામગીરી વિસ્તરશે.

## અમારી દરમ્યાનગીરી

સસ્થા દ્વારા આ વર્ષમા ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ વિકાસ ક્ષેત્રે કામગીરી કરવામા આવી છે. આ કાર્યક્રમોની વિગતો આ પ્રમાણે છે.

### શિક્ષણ ક્ષેત્રે

**૧. સરદાર વિદ્યાલય –દામનગર**

લાઠી તાલુકા ના દામનગર ગામે ૧૯૯૮ મા સરદાર વિદ્યાલયની સ્થાપના કરવામા આવી. સરદાર વિદ્યાલયમા પ્રાથમિક શિક્ષણ (ધો.૧થી૭) આપવામા આવે છે. વર્ષ દરમિયાન ધોરણ ૧થી૭મા કુલ ૨૪૬ બાળકોએ શિક્ષણ મેળવ્યુ.

સરદાર વિદ્યાલયમા દામનગર સિવાય આજબાજુના ૧૦ થી ૧૫ ગામના બાળકો શિક્ષણ લેવા માટે આવે છે. તેમને શાળાએ પહોચવા માટે સસ્થાએ સ્કુલ બસની સુવિધા ઉપલબ્ધ કરી છે.

શાળા પ્રવેશોત્સવ નિમિતે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રેલી કાઢવામા આવી. તેમજ શાળા સુશોભન કાર્યક્રમ રાખવામા આવ્યો. વર્ષ દરમિયાન શાળામા વિવિધ સ્પર્ધાત્મક કાર્યક્રમો જેવાકે રમત ગમત હરિફાઈ, વકતૃત્વ સ્પર્ધા, નિબધ લેખન સ્પર્ધા, નાટક સ્પર્ધા વગેરે ગોઠવવામા આવ્યા.

શાળામા રાષ્ટ્રીય તહેવારો જેવાકે સ્વાતત્ર્ય દિવસ, પ્રજાસત્તાક દિવસ, ગાધી જયતી, સરદાર જયતી જેવા કાર્યક્રમો યોજવામા આવ્યા.આ કાર્યક્રમમા નિષ્ણાતો દ્વારા વકતવ્યો રજુ કરવામા આવ્યા.
વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળાથી જ કમ્પ્યુટરન જ્ઞાન મેળવે તે માટે તેમને કમ્પ્યુટર શિક્ષણની સુવિધા પુરુ પાડવામા આવે છે.

## આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રે

**૧.પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ**

વિસ્તારની મહિલાઓ અને બાળકોના આરોગ્યમા સુધારો થાય અને મહિલાઓ જાતીય આરોગ્ય બાબતે સજાગ બને તેવા હેતુ થી માતૃ સસ્થા સમગ્ર વિકાસ ટ્રસ્ટ સાથે જોડાઈને સસ્થા પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ કરી રહી છે. અમરેલી તાલુકાના ચિતલ,ટીબા,માચીયાળા,જસવતગઢ અને ગીરીયામા આ કાર્યક્રમ શરૂ કરવામા આવ્યો છે. આ કાર્યક્રમ અતર્ગત નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવામા આવી.

– સગર્ભા, ધાત્રી અને વિસ્તારની આગેવાન બહેનો સાથે પ્રજનન અને બાળ સભાળ તેમજ જાતિય આરોગ્ય જેવા મુદ્દા પર ૨૩ મીટીગો યોજવામા આવી જેમા ૯૮૦ મહિલાઓ સહભાગી બની

–વિસ્તારની યુવતિઓ સાથે ૧૯ મીટીગો કરવામા આવી જેમા ૧૧૨૯ યુવતિઓને માસિક ચક્ર જાતિય રોગો વિશે સમજ આપવામા આવી.

–પોલિયો રસીકરણ અભીયાન અતર્ગત જાગૃતિ લાવવા શાળાના ૭૫ બાળકો દ્વારા રેલી કાઢવામા આવી.

–પલ્સ પોલિયો રસીકરણમા સસ્થાના કાર્યકરો જોડાયા તેઓએ ૨૫૦૪ બાળકોને પોલિયો રસીકરણ કર્યુ.

–૧ સ્વાસ્થ્ય મેળો ગોઠવવામા આવ્યો જેમા પ્રદર્શન વિડીયો શો તેમજ માહિતિ પત્રીકા વિતરણ કરવામા આવી આ મેળામા ૫૦૦ થી વધુ મહિલાઓએ લાભ લીધો.

–૮ મહિલાને પ્રસૃતિ સહાય માટે મદદ કરવામા આવી.

–૮ મહિલાને જાતિય રોગોની સારવાર આપવામા આવી.

–૩૦ મહિલાઓને કુટુબ નિયોજન માટે તૈયાર કરવામા આવી.

–આગણવાડી કાર્યકરો દાયણો અને મહિલા આગેવાનો માટે મહિલા અને બાળ વિકાસ ના મુદ્દાઓ પર અલગ અલગ તાલીમો કરવામા આવી જેમા ૮૯ મહિલા સહભાગી બની.

**૨.નિર્મળજળ સુખાકારી અને પર્યાવરણ સુધારણા અભિયાન**

પાણી દ્વારા ફેલાતા રોગો અટકે અને લોકો પર્યાવરણને સમજતા થાય તે હેતુને ધ્યાને લઈ ગુજરાત રાજય પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સહયોગથી અમરેલી જીલ્લા વિજ્ઞાન કેન્દ્રના માર્ગદર્શન હેઠળ લાઠી તાલુકાના ૪૫ ગામોમા અભિયાન ચલાવવામા આવ્યુ.
આ કાર્યક્રમમા દરેક ગામે એક મોટીવેટરની નિમણૂક કરવામા આવી. મોટીવેટરને તાલીમ આપી તૈયાર કરવામા આવ્યા. મોટીવેટર દ્વારા પાણીની શુધ્ધતા, જળ સચય અને પર્યાવરણની જાળવણી જેવા મુદ્દાઓ પર મીટીગો યોજવામા આવી. આ ઉપરાત ભીતસૂત્રો તેમજ ભીતચિત્રો દોરવામા આવ્યા.

## નાણાકીય સ્ત્રોત

### ૧. સરદાર વિદ્યાલય
સસ્થા પોતાના નાણાકીય સ્ત્રોત તેમજ વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી ફી દ્વારા સરદાર વિદ્યાલય ચલાવવામા આવે છે.

### ૨. પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ
ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મત્રાલય દ્વારા સ્થપાયેલ મધર એન.જી.ઓ. તરફથી આ કાર્યક્રમ માટે સહાય મળે છે.

### ૩.નિર્મળજળ સુખાકારી અને પર્યાવરણ સુધારણા અભિયાન
ગુજરાત રાજય પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તેમજ અમરેલી જીલ્લા વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી કાર્યક્રમ ચલાવવામા આવે છે.

## અમારી ટીમ
હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે નિષ્ણાત, લાયકાતવાળા અને અનુભવી ૧૦ સભ્યોની ટીમ ધરાવે છે. આ ટીમમા ૭ મહિલા અને ૩ પુરૂષ કાર્યકર્તાઓ છે.

## ક્ષમતા વર્ધન
### ૧. ટીમ
ટીમના ક્ષમતા વર્ધન માટે જરૂરીયાત મુજબ કામને સરળ બનાવવા માટે વખતો વખત તાલીમો આપવામા આવે છે અથવા બહારની તાલીમી સસ્થાઓમા તાલીમ લેવા માટે મોકલવામા આવે છે. આ વર્ષ દરમિયાન કાર્યકર્તાઓએ નીચે મુજબની તાલીમો લીધી.

૧. RCH પ્રોજેકટના કો– ઓર્ડીનેટરની ક્ષમતા વર્ધન માટે સમગ્ર વિકાસ ટ્રસ્ટ દ્વારા ૨ કો– ઓર્ડીનેટરને તાલીમ આપવામા આવી.

૨. નિર્મળજળ સુખાકારી અને પર્યાવરણ સુધારણા અભિયાન કાર્યક્રમ ચલાવવા માટે જીલ્લા વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા ૨ કાર્યકર્તાઓને તાલીમ આપવામા આવી.

૩. સસ્થા દ્વારા ૪૫ મોટીવેટરને તાલીમ આપવામા આવી.

### ૨. લાભાર્થીઓ
૧ કાર્યક્રમને વ્યવસ્થિત અને સરળ રીતે ચલાવવા માટે સ્થાનિક આગણવાડી કાર્યકરો, દાયણો અને મહિલા અગેવાનોને પ્રજનન અને બાળ આરોગ્ય પર તાલીમ આપવામા આવી.

## મુલાકાતીઓ
૧. પ્રો. જે. એમ. તળાવિયા ( કોમર્સ કોલેજ – અમરેલી ) એ સસ્થાની મુલાકાત લઈ કાર્યક્રમોની માહિતિ મેળવી અને સસ્થાના વિકાસ માટે સૂચનો કયા.

૨. સમગ્ર વિકાસ ટ્રસ્ટના RCH પ્રોજેકટના APO જે.ડી. તેરૈયાએ સસ્થાની મુલાકાત લઈ કાર્યક્રમની સમીક્ષા કરી.

૩. સમગ્ર વિકાસ ટ્રસ્ટના જોસેફ ટી.એમ. દ્વારા સસ્થાની મુલાકાત લેવામા આવી. RCH પ્રોજેકટના અમલીકરણ બાબતે ચર્ચા કરી.

## ભવિષ્યન્ આયોજન

– અમરેલીમા સ્વતત્ર કાર્યાલય તથા કાર્યકરો અને લાભાર્થીઓના ક્ષમતાવર્ધન માટે તાલીમ અને રહેવાની સગવડ ઉભી કરવા માટે બિલ્ડીગ ઉભુ કરવુ.
– જળ સગ્રહના કાર્યો કરવા.
– મહિલાઓને રોજગારીનો વિકલ્પ પૂરો પાડવા વ્યવસાયિક તાલીમ કાર્યક્રમો શરૂ કરવા.
–નમક મજદ્ર માટે આવાસ યોજના તથા પૂનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોના ઉપયોગ માટે લોકોમા જાગૃતિ લાવવી.